ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૨ માર્ચ, ૨૦૨૬



મિત્રએ આપેલી એક પંક્તિએ જે.ઓમ પ્રકાશનું જીવન... Pg.2



રાધિકાના મતે હાલની ઓવર-રેટેડ એક્ટ્રેસ કોણ છે? Pg.4




## કરણ નરમ પડ્યો?!
# ક્રિતિની K-કેમ્પમાં ભરતી

આ વાત તો જાણીતી છે કે બોલિવૂડમાં જો ટકી રહેવું હોય તો કોઈ ને કોઈ સફળ ડીરેક્ટરના કેમ્પમાં જોડાઈ જવું પડે. એક આઉટ સાઈડરને બોલિવૂડમાં સફળ થવું હોય તો તેને ઘણી મુશ્કેલી પડે છે. આવું જ કઈ બોલિવૂડ એક્ટ્રેસ ક્રિતિ સેનન સાથે થયું હતું. બોલિવૂડમાં ક્રિતિ આઉટ સાઈડર છે. તે કરણ જોહરના કેમ્પમાં પણ નથી. આના કારણે તેણે કરણ જોહર તરફથી ઘણીવાર નિંદા કે ટીકા નો સામનો કરવો પડ્યો. આગાઉ, કોફી વિથ કરણમાં ક્રિતિને આલિયા ભટ્ટ ને આ સમય ની શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે સ્વીકારવા માટે ઉશ્કેરવામાં આવી હતી,કરણ જોહરની 'લસ્ટ સ્ટોરીઝ ' ક્રિતિ એ તેની માતાના કહેવાથી સ્વીકારી ન હતી તે માટે પણ તેની ટીકા કરી હતી. આમ, કરણ જોહર તરફથી ક્રિતિ એ વારંવાર અપમાનજનક ટીપ્પણી નો સામનો કરવો પડ્યો છે. કરણ નું આવું વર્તન ક્રિતિના ચાહકો ના ધ્યાન માં પણ આવ્યુ હતું . અગાઉ, તેમણે પણ ટવીટ કરીને કહ્યું હતુ કે કરણે કોફી વિથ કરણ -૭ માં ક્રિતિ સેનન ને નીચી બતાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. પહેલીવાર સોનમ કપૂર ના એપિસોડ માં અને પછી કીયારા ના એપિસોડમાં કરણ જાણી જોઈ ને ક્રિતિ નુ નામ વાત વાતમાં લાવતો અને તેની નિદા કરતો. પરંતુ, ક્રિતિ એ કરણ ની મદદ વગર જ ઘણું મેળવી લીધું છે. આ વિષે ક્રિતિની માતા ગીતા સેનન એ ઉમેરીને જણાવ્યું કે તેણે ક્રિતિને લસ્ટ સ્ટોરીઝ કરવાની શા માટે ના પડી હતી. તેઓ કહે છે કે, કારકિર્દીની શરૂઆતમાં જ તેઓ ક્રિતિ આ પ્રકારનો રોલ કરે તેવું ઈચ્છતા ન હતા. વળી, તે રોલ ઘણો નાનો હતો એટલે તેની કારકિર્દીમાં તે એટલો મદદરૂપ થાય તેમ ન હતો. તેની સામે ક્રિતિને ભેડિયા માં ફૂલ ફલેજ રોલ મળતો હતો અને તે પસંદ કરવું વધારે યોગ્ય હતું.

કરણ આવા વર્તન માટે તે વારંવાર ટ્રોલ થયો છે. બીજી બાજુ, ક્રિતિ અને આલિયા એ પોત પોતાની કારકિર્દીની શરૂઆત લગભગ સાથે જ કરી હતી. એક બાજુ, આલીયાને કરણના કેમ્પમાં હોવાથી સારી સારી ફિલ્મો મળતી રહી જ્યારે બીજી બાજુ ક્રિતિને ફિલ્મો તો મળી પણ સાથે સાથે કરણ તરફથી નિંદા અને અપમાન નો સામનો પણ કરવો પડ્યો. આગાઉ, તેણે જ ક્રિતિને આલિયા વિષે પૂછ્યું હતું કે આલીયા તારી સમકાલીન છે તો તેની સફળતા વિષે તને ઈર્ષા થાય છે કે તે તને પ્રેરિત કરે છે? શું તું તેને આ સમય ની શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે સ્વીકારે છે? કરણના આ સવાલનો જવાબ આપતા ક્રિતિ એ કહ્યું હતું કે તેને આલિયાનું કામ ગમે છે. તે પ્રેરણાદાયી છે. તેણે ગંગુબાઈ કાઠિયાવાડીમાં જે રીતે અભિનય કર્યો હતો તે ખરેખર અદ્ભુત હતો. મને પણ આવી તક મળે એવું હું ઈચ્છું છું. 'મીમી' મેં એટલે જ સ્વીકારી હતી કે મને તેમાં ઘણી તક મળતી હતી. તેનાથી મારામાં ઘણો આત્મવિશ્વાસ આવ્યો છે. આમ, કરણે ઘણા પ્રયત્નો કર્યા હતા કે ક્રિતિ આલિયાની ઈર્ષા કરે પરંતુ, નસીબજોગે, આલિયા અને ક્રિતિ બંનેને એક સાથે પોત પોતાની ફિલ્મ માટે નેશનલ એવોર્ડ મળ્યો. આલીયાને ગંગુબાઈ કાઠિયાવાડી માટે મળ્યો અને ક્રિતિને મીમી માટે મળ્યો. આલીયાને નેશનલ એવોર્ડ મળ્યો તે માટે ક્રિતિ એ તેને અભિનંદન પાઠવ્યા હતા. પોતાની જીત તેને આલિયા સાથે શેર કરવાની તક મળી તે માટે તેણે ખુશી પણ વ્યક્ત કરી. તો સામે થી આલિયાએ પણ ક્રિતિને નેશનલ એવોર્ડ જીતવા માટે અભિનંદન પાઠવ્યા ને તેના કામને વખાણ્યું. આમ, કરણે ક્રિતિને નીચી બતાવવાના ઘણા પ્રયત્નો કર્યા હતા. આવું તેણે ફક્ત ક્રિતિ સાથે જ નહીં પણ શ્રદ્ધા કપૂર, કાર્તિક આર્યન અને સુશાંત સિંગ રાજપૂત સાથે પણ કર્યું હતું. ક્રિતિ સાથે આવું વર્તન કરવા પાછળનું કારણ સુત્રોના જણાવ્યા પ્રમાણે, જ્યારે ક્રિતિને રોહિત શેટ્ટીની ફિલ્મ દિલવાલે મળી હતી ત્યારે કરણે ક્રિતિની જગ્યાએ આલિયાની ભલામણ કરી હતી

**કરણનું આવું વર્તન ક્રિતિના ચાહકોના ધ્યાનમાં પણ આવ્યું હતું. અગાઉ, તેમણે પણ ટ્વીટ કરીને કહ્યું હતું કે ક્રિતિ સેનનને નીચી બતાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. પહેલીવાર સોનમ કપૂર એપિસોડમાં અને પછી કીયારાની સામે કરણ જાણી જોઈને ક્રિતિનું નામ વાત વાતમાં લાવતો અને તેની નિંદા કરતો**

પરંતુ, રોહિતે ક્રિતિને જ રાખી. ત્યારથી તેણે યશ રાજ ફિલ્મ્સમાંથી ક્રિતિને બોયકોટ કરી હતી.

આમ, કરણ તરફથી નિંદા મળવા છતાં, ક્રિતિને બોયકોટ કરવા છતાં, તેણે કરણની મદદ વગર જ બોલિવૂડમાં ઘણી સફળતા મેળવી લીધી. તો બીજી બાજુ, કરણ હાલમાં ડીરેક્ટર તરીકે એટલો સક્રિય નથી. તેમ છતાં, હાલમાં રશ્મિકા અને વિજયના રિસેપ્શનમાં ક્રિતિ અને કરણે ફોટા માટે સાથે પોઝ આપ્યા હતા.

આના કારણે વાત સંભાળવા મળી છે કે, લાગે છે કે ક્રિતિ પણ કરણ જોહર કેમ્પમાં જોડાઈ ગઈ છે. અત્યાર સુધી જે પરિસ્થિતિ હતી તેનાથી વિપરીત પરિસ્થિતિ રશ્મિકા અને વિજય ના લગ્ન વખતે કરણ અને ક્રિતિ વચ્ચે બની ગઈ છે. લાગે છે કે કરણ હવે થોડો નરમ પડ્યો છે અને તેણે ક્રિતિ ને પોતાના કેમ્પ માં સ્વીકારી લીધી છે. વાત ભલે જે હોય તે, પણ ક્રિતિના સિતારા તો અત્યારે ચમકે જ છે. જો તે કરણના કેમ્પમાં જોડાઈ ગઈ હોય તો તેમાં ફાયદો કરણને પણ થશે જ. ●

બોલિવ્લોગ વિથ પૅપ

# અનીત પડ્ડા કુંડળીમાં વિશ્વાસ રાખે છે!



મુંબઈ જઈને સ્ટાર કે સુપરસ્ટાર બનવા લાખો-કરોડો લોકો સપના જોતા હોય છે. ઘણા કલાકારો મુશ્કેલીઓ સહન કરીને અને પોતાના સપનાને સાકાર કરે છે તો કોઈ નસીબને દોષ આપી ઘણી વાર નિરાશ થઈને કલાકાર પોતાના સપનાને મુંબઈના વિશાળ દરિયામાં ડૂબાડીને જ્યાંથી આવ્યા ત્યાં પાછા જતાં રહે છે. આ બધામાં કેટલાક અનીત પડ્ડા જેવા પણ હોય છે જે કુંડળીના ભરોસે પોતાનો માર્ગ નક્કી કરતા હોય છે. અનીત પડ્ડાનો જન્મ ૧૩ ઓક્ટોબર, ૨૦૦૨ ના રોજ પંજાબના અમૃતસરમાં થયો હતો. ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે કામ કરે તે પહેલાં, અનીત બાળપણમાં જ તેના રૂમમાં એક્ટિંગ કરતી હતી. પહેલેથી જ અનીતનું સપનું હતું, જોકે કોઈ એક્ટિંગને કેરીયર બનાવવાનો કોઈ રસ્તો મળતો નહોતો. તેના પરિવાર પાસે ઓડિશન માટે મુંબઈની વારંવારની ટ્રાવેલ કરવાના પૈસા પણ ન હતા અને મનોરંજન જગતમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા ઘણા બહારના લોકોની જેમ, અનીતને શરૂઆતમાં મોટાભાગે પોતાની જાતે જ પાર પાડવાના રસ્તાઓ શોધવા પડ્યા. ત્યાર પછી અનીતે કુંડળીમાં વિશ્વાસ દૃઢ કર્યો. આ ધીમી, નિર્ધારિત માર્ગને દર્શાવે છે. અનીતે કુંડળીની સૌથી આકર્ષક વિશેષતાઓમાંની એક અગ્નિ રાશિઓમાં ગ્રહોની સંપૂર્ણ ગેરહાજરી છે. તેના બદલે, પૃથ્વી રાશિઓમાં ગ્રહોની મજબૂત સાંદ્રતા છે: તેનો સૂર્ય, બુધ અને મંગળ કન્યા રાશિમાં છે અને રાહુ વૃષભ રાશિમાં છે. પૃથ્વી રાશિઓ દ્વારા પ્રભુત્વ ધરાવતા ચાર્ટ સામાન્ય રીતે એવા વ્યક્તિઓના હોય છે જે નાટકીય રીતે નહીં પણ સ્થિરતાથી જીવનમાં આગળ વધે છે. જયાં ઓળખ અચાનક કૂદકા મારવાને બદલે સતત પ્રયાસ પછી આવે છે. ●

# સમેન્થા અને રાજ ઈરીટેટિંગ કપલ છે





સમેંથા રૂથ પ્રભુ અને રાજ નીદીમોરુએ ગયા વર્ષે ડીસેમ્બર માં કોઈમ્બતુર માં અંગત રીતે લગ્ન કરી લીધાં હતા. તાજેતરના એક ઈન્ટરવ્યું માં સમેંથા એ પોતાના વિષે જણાવતા કહ્યું કે ભલે તે 'હનીમુન ફેઝ ' માંથી પસાર થઇ ગઈ હોય , તેમ છતાં તેણે તેના પતિ રાજ વગર એક દિવસ પણ પસાર કરવાનો મુશ્કેલ લાગે છે. તે કહે છે કે ,"રાજ અને હું ખરેખર એક ઈરીટેટિંગ કપલ છીએ કે જેઓ દરેક કામ સાથે જ કરે છે. " વધુમાં તે ઉમેરતા કહે છે,"અમે સાથે કામ કરીએ છીએ,પરિધિ[અમારી જીમ ઈન્સ્ટ્રકટરની સાથે સાથે કસરત કરીએ છીએ. અમને તેમ ગમે છે. જો મારે એક દિવસ પણ રાજ વગર ટ્રાવેલ કરવાનું આવે તો મને ગમતું નથી. મને નથી લાગતું કે આ હનીમુન ફેઝ છે. એવું થવા માટે ઘણો સમય વીતી ગયો છે." પોતાના છૂટાછેડા થયા ત્યાર બાદ ની તેની દુનિયા વિષે સમાન્થા વિચારીને કહે છે કે,"જયારે હું અલગ થઇ હતી ત્યારે મેં પોતાને સંપૂર્ણપણે બધાથી દૂર કરી દીધી હતી. મને નહોતું લાગતું કે હું ક્યારેય કોઈના પર વિશ્વાસ કરી શકીશ.સદનસીબે, હું આ પ્રકારનો પ્રેમ અને મિત્રતા સ્વીકારી શકી.આજે હું જે સંબંધ માં છું, જે વ્યક્તિ સાથે સંબંધમાં છું તે રાજ ને કારણે હું સારી વ્યક્તિ બની છું." વધુમાં, તે ઉમેરે છે કે તાજેતર માં તે એક જુના મિત્ર ને મળી હતી અને તેની સાથે વાતચીતમાં તેને ખ્યાલ આવ્યો કે તે કેટલી આગળ વધી ગઈ છે."હું થોડા દિવસો પહેલાં એક જુના મિત્ર ને મળી હતી.અને તેણે થોડી વાર પછી મને એક વોઈસ નોટ મોકલી,"આટલા લાંબા સમય પછી પહેલી વાર મને લાગે છેકે તું કેટલી હળવી થઇ ગઈ છે. હું હવે દેખાડો કરતી નથી." સમેન્થા અને રાજના લગ્ન માં નજીકના પરિવારજનો અને મિત્રોની હાજરી હતી. તેમના લગ્ન ભૂત શુદ્ધિ વિવાહની કલાતીત યોગિક પરંપરા અનુસાર યોજવામાં આવ્યા હતા. ●